# SARDAR PATEL UNIVERSITY AFFILIATED B.ED COLLEGES
## Bachelor of Education (Semester-1) Examination-2023
## PE 2 UE01CBED53: Contemporary India and Education

**Date: 16/10/23 (Monday)** **Time: 12.00 am. To 3.00 pm.** **Total: 70 Marks**

**સુચના :**1. પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ અંક ગુણ સૂચવે છે.

2. બધા પ્રશ્નો ફરજિયાત છે.

**પ્રશ્ન 1 નીચેના પાંચમાંથી કોઈ પણ ચાર પ્રશ્નોના જવાબ આપો.. 08**

1. 'કેળવણી ત્રિધ્રુવી પ્રક્રિયા છે' સમજાવો.
2. કેળવણી એટલે શું ? તેની સંકલ્પના સ્પષ્ટ કરો.
3. 'મધ્યાહન ભોજન યોજના'ની અસરકારકતા વધારવા માટેના સૂચનો જણાવો.
4. અપવ્યયને અટકાવવા માટેના તમારા વિચારો જણાવો.

**પ્રશ્ન 2 નીચેના બેમાંથી કોઈ પણ એક પ્રશ્નનો જવાબ આપો . 10**

1. કોઠારીપંચની ભલામણો અને શિક્ષણસંદર્ભ જણાવો.
2. રાષ્ટ્રીય શિક્ષણનીતિની ભલામણો અને અમલીકરણ જણાવો.

**પ્રશ્ન 3 નીચેના ચારમાંથી કોઈ પણ ત્રણ પ્રશ્નોના જવાબ લખો.. 09**

1. કેળવણીના ધ્યેયો જણાવો.
2. અરવિંદઘોષના શિક્ષણના સિદ્ધાંતો લખો.
3. કૃષ્ણમૂર્તિનું સ્વ-રૂપાંતરણ માટેનું શિક્ષણ જણાવો.
4. સર્વશિક્ષા અભિયાનની ઉપયોગિતા જણાવો.

**પ્રશ્ન 4 નીચેના ત્રણમાંથી કોઈ પણ બે ટૂંકનોધો લખો . 08**

1. રાષ્ટ્રીય જ્ઞાન આયોગ
2. અનૌપચારિક કેળવણી
3. બુનિયાદી શિક્ષણ

**પ્રશ્ન 5 નીચેના પાંચમાંથી કોઈ પણ ચાર પ્રશ્નોના જવાબ આપો . 08**

1. બંધારણ એટલેશું? બંધારણનો આત્મા કોને કહેવામાં આવે છે?
2. બંધારણની કઈ કલમમાં મફ્ત, ફરજિયાત અને સાર્વત્રિકશિક્ષણની વાત કરવામાં આવી છે? શામાટે?
3. માનવ અધિકાર દિવસ અને ફરજ દિવસ કયા કયા દિવસે ઉજવવામાં આવે છે? શા માટે?

4. અનુસૂચિત જાતિનો લાભ કઈ જાતિને મળે છે? શામાટે?

5. અનુસૂચિત જનજાતિનો સામાન્ય અર્થ આપી, તેઓ ગુજરાતના કયા પ્રદેશમાં વસે છે?

**પ્રશ્ન 6 નીચેના બેમાંથી કોઈ પણ એક પ્રશ્નનો જવાબ આપો . 10**

1. "નાગરિકો માટે અધિકાર અને ફરજ એક સિક્કાની બે બાજુઓ છે." આ વિધાન ભારતીય બંધારણના સંદર્ભમાં સમજાવો .

2. સમાન શૈક્ષણિક તકનો અર્થ આપી તેની જરૂરિયાત વર્ણવો .

**પ્રશ્ન 7 નીચેના ચારમાંથી કોઈ પણ ત્રણ પ્રશ્નોના જવાબ લખો . 09**

1. અનુસૂચિત જનજાતિની સમસ્યાઓ વર્ણવો .

2. અનુસૂચિતજાતિની આર્થિક સમસ્યાઓ કઈ કઈ છે? તે લખો.

3. કન્યા કેળવણીનું મહત્ત્વ લખો .

4. ‘ભારતીય સમાજમાં સ્ત્રીઓનું સ્થાન’ વિશે સમજાવો .

**પ્રશ્ન 8 નીચેના ત્રણમાંથી કોઈ પણ બે ટૂંકનોધો લખો . 08**

1. શાળાશિક્ષણની સમાનતા એટલે શું?

2. સરકારીશાળાનો અર્થ આપી સમસ્યાઓ વર્ણવો .

3. સામાજિક વિવિધતા એટલે શું? સમજાવો .

# SARDAR PATEL UNIVERSITY AFFILIATED B.ED COLLEGES
## B.Ed. (Two years) First semester
## Preliminary Examination October -2023
## UE01CBED54 Language across the Curriculum

**Date: 17/10/2023** **Time: 12:00 TO 1:30**

**સૂચના :**

**- બધાં પ્રશ્નો ફરજિયાત છે.**

**- પ્રશ્નપત્રની જમણી બાજુનાં અંક ગુણ દર્શાવે છે.** **કુલ ગુણ-35**

**પ્રશ્ન - 1. નીચેનાં પ્રશ્નોમાંથી કોઈ પણ ચાર પ્રશ્નોનાં ટૂંકમાં જવાબ લખો :** **(08)**

**(૧)** બહુભાષિતાનો અર્થ આપો.

**(૨)** જૂથ ચર્ચા પદ્ધતિમાં શિક્ષકની ભૂમિકા જણાવો.

**(3)** પ્રત્યાયનના સાધન તરીકે ભાષાની ભૂમિકા સ્પષ્ટ કરો.

**(૪)** વર્ણનાત્મક કૃતિના ચાર ઉદાહરણો આપો.

**(૫)** પ્રશ્નોત્તરી પદ્ધતિની વિશેષતાઓ જણાવો.

**પ્રશ્ન-2. નીચેના પ્રશ્નોમાંથી કોઈપણ એક પ્રશ્નનો સવિસ્તર ઉત્તર લખો :** **(10)**

**(૧)** વર્ગ અધ્યાપનમાં એક પ્રયુક્તિ તરીકે પરિસંવાદનો અર્થ સ્પષ્ટ કરી પરિસંવાદનું સ્વરૂપ તથા વિશેષતાઓ જણાવો.

**(૨)** શ્રવણ કૌશલ્ય નો અર્થ સ્પષ્ટ કરી, શ્રવણના ઘટકોની સ્પષ્ટતા કરો તથા શ્રવણ કૌશલ્યના વિકાસ માટેની સહઅભ્યાસ પ્રવૃત્તિઓની સ્પષ્ટતા કરો.

**પ્રશ્ન-3. નીચેનામાંથી કોઈ પણ ત્રણ પ્રશ્નોના ઉત્તર લખો :** **(09)**

**(૧)** વિચારણાનાં સાધન તરીકે ભાષાની ભૂમિકા સ્પષ્ટ કરો.

**(૨)** નિરૂપણાત્મક કૃતિ એટલે શું? સમજાવો.

**(3)** વર્ણનાત્મક કૃતિ એટલે શું? સમજાવો.

**(૪)** સંવાદની સંકલ્પના સ્પષ્ટકરી , સંવાદના હેતુઓ જણાવો.

**પ્રશ્ન-4. નીચેનામાંથી કોઈપણ બે ટૂંકનોંધ લખો:** **(08)**

**(૧)** વર્ગખંડ પ્રત્યાયનને અસર કરતાં પરિબળો.

**(૨)** પ્રમાણભૂત ભાષાની અસર.

**(3)** અસરકારક લેખનનાં લક્ષણો.

---------------------------------

Seat No._____

# SARDAR PATEL UNIVERSITY AFFILIATED B.ED COLLEGES

**B.Ed. Examination (Semester-1)**

**UE01EBD206 Pedagogy 0f Sanskrit**

**Date: 19/10/2023** **Time: 12:00a.m.to 01:30a.m.** **Total Mark: 35**

સુચના- (1) પ્રશ્નપત્રમાંકુલચારપ્રશ્નોછેબધાજપ્રશ્નોફરજીયાતછે.

(2) પ્રશ્નપત્રનીજમણીબાજુનાઅંકપ્રશ્નનાગુણદર્શાવેછે.

**પ્રશ્ન-૧નીચેઆપેલાપ્રશ્નોમાંથીકોઈપણચારપ્રશ્નોનાટૂંકમાંજવાબલખો.** ૦૮

૧. મહાકવિ કાલિદાસના જીવન વિશે માહિતી આપો.

૨. મહાકવિ ભારવિની સાહિત્ય કૃતિનો ટૂંક માં પરિચય આપો.

૩.વર્તમાનકાળपरस्मैयपद નારૂપોલખો.

૪. વિસર્ગ સંધિ ઉદાહરણ આપી સમજાવો.

૫. किमसर्वनामએટલેશું?ઉદાહરણઆપો.

**પ્રશ્ન-૨નીચેઆપેલાપ્રશ્નોમાંથીકોઈપણએકપ્રશ્નોનોસવિસ્તારજવાબલખો.** ૧૦

૧. ધોરણ-૯સંસ્કૃતના કોઈ એક એકમનું પાઠ આયોજન કરો.

૨. વર્તમાન સમયમાં માધ્યમિક સ્તરે સંસ્કૃતભાષાનું સ્થાન સ્પષ્ટ કરી, શિક્ષક તરીકે સંસ્કૃતના પ્રચાર- પ્રસાર માટે તમે કયા ઉપાયો કરસો, તેની વિસ્તૃત નોંધ લખો.

**પ્રશ્ન-૩નીચેનાપ્રશ્નોનાઉતરોલખો. (કોઈપણત્રણ)** ૦૯

૧.આગમનપદ્રતિનાસોપાનોસમજાવો.

૨.સંસ્કૃતમાં નવા શબ્દ શીખવવા માટેની પ્રયુક્તિઓ વર્ણવો.

3.સંસ્કૃતભાષામાં સુભાષિતોનું મહત્વ જણાવો.

૪. સંસ્કૃતભાષાપ્રશિષ્ટભાષાછે. સમજાવો.

**પ્રશ્ન-૪(અ)નીચેનાપ્રશ્નનોઉતરલખો.(કોઈપણએક.)** ૦૪

૧.સમન્વિતપદ્ધતિનાલાભવર્ણવો.

૨. સંસ્કૃતભાષાનુંસામાજિકઅને સાંસ્કૃતિકમહત્વસમાજવો.

**પ્રશ્ન-૪(બ)નીચેનાપ્રશ્નનોઉતરલખો.(કોઈપણએક.)** ૦૪

૧.પંડિત વિષ્ણુશર્મા નું જીવન અને કવન વિષયપરનોંધલખો.

૨.मम प्रवास: વિષે સંસ્કૃતમાં દસ વાકયમાં નોંધ લખો.

# SARDAR PATEL UNIVERSITY AFFILIATED B.ED COLLEGES

**Preliminary Examination (Semester I)-October, 2023**
**UE01GBD60 Pedagogy of Elements of Accountancy**

તારીખ: 19/10/2023 | સમય:12:00 થી 1:30 | કુલગુણ:- 35

---

**સૂચના: પ્રશ્નપત્રમાં કુલ ચાર પ્રશ્નો છે; બધા પ્રશ્નો ફરજીયાત છે.**
**જમણી બાજુના અંક પ્રશ્નના ગુણ દર્શાવે છે.**

પ્રશ્ન-1 નીચેના પ્રશ્નોમાંથી કોઈપણ ચાર પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો. (08)

(1) આમનોંધનો અર્થ સ્પષ્ટ કરો.

(2) ધંધાકીય વ્યવહારનો અર્થ આપી, તેના મુખ્ય બે પ્રકારના નામ લખો.

(3) ઉપજ-ખર્ચ ખાતાનો નિયમ જણાવી, તેને સંલગ્ન એક ઉદાહરણ આપો.

(4) સાદા રોકળમેળમાં જમાખર્ચી વ્યવહાર ઉદાહરણ સહ સ્પષ્ટ કરો.

(5) નીચેના ખાતાઓનું વર્ગીકરણ કરો.
રોકડ ખાતુ, મળેલ વટાવ ખાતુ, પગાર, પાઘડી ખાતુ, અગાઉથી ચૂકવેલ પગાર ખાતુ, ઘસારા ખાતુ,

પ્રશ્ન-2 નીચેના પ્રશ્નોમાંથી કોઈપણ એક પ્રશ્નનો સવિસ્તર ઉત્તર આપો. (10)

(1) ધોરણ ૧૧ના નામાનાં મૂળતત્વો વિષયનો કોઈ એક એકમ પસંદ કરી, નીચેના મુદ્દા આધારિત પાઠ આયોજન નોંધતૈયાર કરો.
* વિશિષ્ટ હેતુઓ * શિક્ષક- વિદ્યાર્થીની પ્રવૃત્તિ * મૂલ્યાંકન

(2) નીચેના મુદ્દા ધ્યાનમાં રાખીને શૈક્ષણિક સામયિકમાટે'અનુબંધનું મહત્વ'વિષે લેખતૈયાર કરો.
* અનુબંધનો અર્થ *પ્રકારો * નામાનો ગણિત સાથેનો અનુબંધ

પ્રશ્ન-3 નીચેના પ્રશ્નોમાંથી કોઈપણ ત્રણ પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો. (09)

(1) જૂથ અધ્યાપન પદ્ધતિની સફળતા માટેની શરતો જણાવો .

(2) આગમન પદ્ધતિનો અર્થ આપી, ચાર ફાયદા નોંધો.

(3) શિક્ષણ પ્રક્રિયામાં નિદાનએટલે શું? -સ્પષ્ટકરો.

(4) "વિદ્યાર્થીઓ નામના મૂળતત્વોવિષયમાં કૌશલ્ય કેળવે." સામાન્ય હેતુના ત્રણ વિશિષ્ટ હેતુઓ લખો.

પ્રશ્ન-4(અ) નીચેના પ્રશ્નોમાંથી કોઈપણ એક પ્રશ્નનો ઉત્તર આપો. (04)

(1) નામાનાંમૂળતત્વોવિષય શિક્ષણ દ્વારા ઉપયોગિતાનું ધ્યેય સિદ્ધ થાય છે ?– સ્પષ્ટતા કરો

(2) આદર્શ અભ્યાસક્રમનાંલક્ષણો જણાવો.

(બ) નીચેના પ્રશ્નોમાંથી કોઈપણ એક પ્રશ્નનો ઉત્તર આપો. (04)

(1) રોકળમેળનો અર્થ આપી, મહત્વ સ્પષ્ટ કરો.

(2) ટૂંકનોંધ તૈયાર કરો: ઘસારાને અસર કરતાં પરિબળો

# SARDAR PATEL UNIVERSITY AFFILIATED B.ED COLLEGES

## Bachelor of Education (Semester-1) Examination-2023

## UE01GBED52: Pedagogy of English

**Date: 18/10/23 (Wednesday)** **Time: 12.00 am. To 1.30 pm.** **Total Marks: 35**

Note: 1.All the questions are compulsory.

2. Figures to the right indicate full marks.

Que. 1.**Answer any two out of three questions from the following.** . 08

1. State the uses of simple present tense.
2. Give the meaning of the proverb 'Actions speak louder than words'.
3. Turn the following sentences into Indirect speech.

   (i) The Geography teacher said, "The earth is round."

   (ii) The teacher said to the students, "Be regular."
4. What is Verb? Give the types of it with proper examples.

Que. 2.**Answer any one out of two questions from the following.** 10

1 'English is the window of the world.' Explain the importance of English as a second language.

2 Write the principles of Communicative Approach with its merits and demerits.

**Que. 3.Answer any three out of four questions from the following.** . 09

1. Design any three activities for developing speaking skill.
2. Give the merits of Structural Approach.
3. Explain the features of a textbook.
4. Write the different uses of Dictionary and Thesaurus.

**Que. 4. (A)Answer any one out of two questions from the following.** **.** 04

1. State the aims and objectives of teaching English at secondary level.
2. Explain the problems faced by learners while learning English Language.

(B).**Answer any one out of two questions from the following.** 04

**1.** Write an application for the post of a teacher in secondary section.

**2.** Write an essay on 'Save the Environment.' .

# SARDAR PATEL UNIVERSITY AFFILIATED B.ED COLLEGES

## Bachelor of Education (Semester-1) Examination-2023

## UE01GBED51: Pedagogy of Gujarati

**Date: 18 /10/2023** **Time: 12.00 am To 1.30 pm** **Total: 35 Marks**

**સુચના :** 1. પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ અંક ગુણ સૂચવે છે.

**પ્રશ્ન 1 નીચેનામાંથી કોઇપણ ચાર પ્રશ્નોના જવાબ આપો.** **08**

1. 'બાનો વાડો' ગદ્ય કયા સંગ્રહ માંથી લેવામાં આવ્યો છે? તેનું સાહિત્ય સ્વરૂપ કયું છે?
2. ગોપીઓને આજની ઘડી રળિયામણી કેમ લાગી છે? તેના માટે ગોપીઓ કેવી તૈયારી કરે છે?
3. 'વૃદ્ધા માતા નયન નબળાં ફેરવીને જુએ છે.' આ કાવ્ય પંક્તિનું બંધારણ દર્શાવી છંદ ઓળખાવો?
4. બા વાડામાં કઈ કઈ ઔષધી ઉગાડતા હતા? એમનો જીવન મંત્ર કયો હતો?
5. ઉપમા અલંકારની વ્યાખ્યા આપી, તેના બે ઉદાહરણ આપો?

**પ્રશ્ન 2 નીચેના બેમાંથી કોઇપણ એક પ્રશ્નનો જવાબ આપો .** **10**

1. બાનો વાડો ગદ્યના સામાન્ય હેતુ નોંધી તેના વિશિષ્ટ હેતુઓ નોંધો અને તેનું કા.પા.કાર્ય નોંધો.
2. પાઠ આયોજનના સોપાનો લખી, પાઠ આયોજન કરતી વખતે કઈ કઈ બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ? તે વિસ્તારથી લખો.

**પ્રશ્ન 3 નીચેનામાંથી કોઈ પણ ત્રણ પ્રશ્નોના જવાબ લખો.** **09**

1. 'આજની ઘડી રળિયામણી' કાવ્યના સર્જકનો પરિચય આપો અને તેમના સાહિત્ય સર્જન વિશે જણાવો.
2. 'બા'ના સ્વભાવનું વર્ણન કરો.
3. આગમન પદ્ધતિનું મહત્ત્વ લખો.
4. પ્રશ્નોત્તરી પદ્ધતિની સંકલ્પના સ્પષ્ટ કરો.

**પ્રશ્ન 4 (અ) નીચેનામાંથી કોઈ પણ એક ટૂંકનોધ લખો.** **04**

1. 'બાનો વાડો' શીર્ષકની યથાર્થતા
2. કોઈપણ ચાર વિરામચિહ્નના ઉદાહરણ નોંધો.

**(બ) નીચેનામાંથી કોઈ પણ એક વિશે ટૂંકનોંધ લખો.** **04**

1. નાટયીકરણ પદ્ધતિ
2. સામાન્ય હેતુ અને વિશિષ્ટ હેતુઓ વચ્ચેનો તફાવત લખો.

# सरदार पटेल युनिवर्सिटी
## सेमेस्टर 1 बी.एड, वर्ष : 2023-24
## सिपिएस:3 हिन्दी अध्यापन शास्त्र
## Code:-UE01GBED56

**दिनांक:19/10/2023** **समय:12:00 to 1:30** **कुल गुण: 35**

**प्रश्न:- 1 निम्नलिखित प्रश्नो में से किन्ही चार प्रश्नो के संक्षिप्त में उत्तर लिखिए। (08)**

1.संज्ञा का अर्थ बताकर कोई एक प्रकार को सोदाहरण व्याख्ययित कीजिए।

2. निम्नलिखित कहावत को संक्षिप्त समझाईए।

- अॅिब पछताए होत क्याजब चिड़िया चुग गई खेत .
- सांच को आंच नहीं

3. निबंध के प्रकार बताकर कोई एक प्रकार को समझाईए।

4. स्वराज्य कि निंव एकांकी के पात्र के नाम लिखिए।

5. (अ) संज्ञा पहचानकर उसके प्रकार के नाम लिखिए।

- सैनिक - हिमालय

(ब) शब्दसमूह के लिए एक शब्द दीजिए।

- धरती ओर आकाश के मिलने का स्थान
- ब्राह्मणों को खिलाया जनेवाला भोजन

**प्रश्न:2 निम्नलिखित प्रश्नो में से किन्ही एक प्रश्न का उत्तर लिखिए । (10)**

1.पाठ आयोजन का महत्व बताकर पाठ आयोजन के सोपानो की चर्चा कीजिए ।

2.श्रवण कौशल की संकल्पना स्पष्ट करके श्रवण कौशल के दोश ओर उपाय बताइए।

**प्रश्न:3 निम्नलिखित प्रश्नो में से किन्ही तीन प्रश्नों के उत्तर लिखिए । (09)**

1. हिंदी गध्य-शिक्षा के सामान्य ओर विशिष्ट उद्देश्य बताइए।
2. शैक्षिक साधन का महत्व स्पष्ट कीजिए ।
3. मौखिक अभिब्यक्ति के विकस कि प्रवृतिया बताइए।
4. भाषा सुधार में भाषा प्रयोगशाला का उपयोग बताइए।

**प्रश्न:4 टीप्पणी लिखिए (कोइ भी एक) (04)**

1.गीत अभिनय एवम खंडांवयी पध्धित।

2.द्रश्य-श्राव्य साधनो के प्रकार बताइए।

**(ब) टीप्पणी लिखिए (कोइ भी एक) (04)**

1.प्रेमचंदजी का जीवन एवम कवन लिखिए।

2. 'माँ कह एक कहानी' कविता का भावार्थ स्पष्ट कीजिए।

SEAT NO…………………….  NO OF PRINTED PAGES:02


# સરદાર પટેલ યુનિવર્સિટી સંલગ્ન બી. એડ. કોલેજ

## UE02GBED53 Pedagogy of Mathematics

**Date: 18-10-2023(Wednesday)  Time: 12 to 01:30  Total Marks: 35**

*સૂચના: આપેલા તમામ પ્રશ્નો ફરજિયાત છે. જમણી બાજુ દર્શાવેલા અંક પ્રશ્નોના ગુણ સૂચવે છે.*

***પ્રશ્ન:1 નીચેના પ્રશ્નોમાંથી કોઈપણ ચાર પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો.*** **08**




1. m □ **MONK** માં □**M** નું માપ **$100^*$**હોય તો બાકીના ખૂણાઓના માપ શરત સહિત દર્શાવો.
2. આપેલા ચાર્ટમાં ઊંઘ અને અભ્યાસ માટે વપરાતા સમયના કલાકોનું પ્રમાણ શોધો.
3. **442** મીટર$^2$ ક્ષેત્રફળ વાળા ચોરસની બાજુનું માપ શોધો.
4. કાજલ એક હેર ડ્રાયર **784** રૂપિયામાં ખરીદે છે જેમાં **12 %** **GST** સામેલ છે. **GST** વગર હેર ડ્રાયરની કિંમત શોધો.
5. સાદુરૂપ આપો: $(25 * K^{-2})/(5^{-3} * 10 * K^{-8})$

***પ્રશ્ન:2 નીચેના બે પ્રશ્નોમાંથી કોઈપણ એક પ્રશ્નનો સવિસ્તર ઉત્તર આપો.*** **10**

1. ધોરણ **8** નો ગણિતનો કોઈ એક એકમ પસંદ કરી નીચેના મુદ્દાઓના સંદર્ભમાં પાઠ આયોજન નોંધ તૈયાર કરો. (શિક્ષકની પ્રવૃત્તિ, મૂલ્યાંકન, શ્યામ ફલક કાર્ય)
2. ધોરણ 8 નો કોઈ એક એકમ આગમન નિગમન પધ્ધતિથી શીખવવા માટેનું આયોજન લખો.

***પ્રશ્ન:3 નીચેના પ્રશ્નોમાંથી કોઈપણ ત્રણ પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો.*** **09**

1. ગણિતમાં કોઈપણ બે ભારતીય ગણિતજ્ઞનું પ્રદાન જણાવો.
2. ધોરણ **8** ના વર્ગખંડમાં પ્રવૃત્તિ વડે ગણિત શીખવવા આયોજન નોંધ તૈયાર કરો.
3. ગણિત શિક્ષણમાં નિયામક અને ઉપયોગિતા મૂલ્ય ઉદાહરણ સહ સમજાવો.
4. ગણિત શિક્ષક તરીકે આપ સમસ્યા ઉકેલ અભિગમનો કેવી રીતે ઉપયોગ કરશો? .

***પ્રશ્ન:4 (અ) કોઈપણ એક ટૂંકનોંધ લખો.*** **04**

1. પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક કક્ષાએ ગણિતની ઉપયોગિતા.
2. ગણિત શિક્ષણમાં શોધ અભિગમ.

SEAT NO……………………. NO OF PRINTED PAGES:02

# સરદાર પટેલ યુનિવર્સિટી સંલગ્ન બી. એડ. કોલેજ

## UE02GBED53 Pedagogy of Mathematics

**Date: 18-10-2023(Wednesday) Time: 12 to 01:30 Total Marks: 35**

---

***પ્રશ્ન:4 (બ) કોઈપણ એક ટૂંકનોંધ લખો. 04***

1. એક ટેબલની ઉપર સમતલ પાટીયું સમલંબ ચતુષ્કોણ આકારનું છે . તેની સમાંતર બાજુઓની લંબાઈ 1 અને 1.2 મીટર છે. સમાંતર બાજુઓની લંબાઈ વચ્ચેનું અંતર 0.8 મીટર હોય તો પાટીયાનું ક્ષેત્રફળ શોધો.
2. આપેલા આલેખમાં માગ્યા મુજબ જવાબ આપો.

એક ટપાલી કોઈ નગરથી તે જ નગરના એક ઉપનગરમાં એક વેપારીને પાર્સલ પહોંચાડવા સાયકલ લઈને જાય છે. જુદા-જુદા સમયે નગરથી તેનું અંતર નીચેના આલેખમાં દર્શાવેલ છે.


(a) $x$ અક્ષ પર સમય દર્શાવવા માટે શું પ્રમાણમાપ લેવામાં આવ્યું છે ?

(b) ટપાલીએ આ મુસાફરી માટે કેટલો સમય લીધો ?

(c) નગરથી વેપારીનું સ્થળ કેટલું દૂર છે ?

(d) શું ટપાલી તેના માર્ગમાં ક્યાંક થોભ્યો હતો ? વિગતે સમજાવો.

(e) કયા સમયગાળામાં તેણે સૌથી ઝડપી સવારી કરી ?




---

**Life is like riding a bicycle, To keep your balance you must keep moving. <u>Albert Einstein</u>**

SEAT NO…………………….　　　　NO OF PRINTED PAGES:01

# સરદાર પટેલ યુનિવર્સિટી સંલગ્ન બી. એડ. કોલેજ

## B.ED. FIRST SEMSTER EXAMINATION – OCTOBER: 2023

## UE02GBED59 Pedagogy of Science

**Date: 19-10-2023(Thursday)　　Time: 12 to 1:30　　Total Marks: 35**

*સૂચના: આપેલા તમામ પ્રશ્નો ફરજિયાત છે. જમણી બાજુ દર્શાવેલા અંક પ્રશ્નોના ગુણ સૂચવે છે.*

***પ્રશ્ન:1 નીચેના પ્રશ્નોમાંથી કોઈપણ ચાર પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો.　　08***

1. સિંચાઇ એટલે શું? પાણી બચાવતી કોઇપણ બે સિંચાઇ પધ્ધતિઓના નામ આપો.
2. વાઈરસથી બચવા માટેના ઉપાયો જણાવો.
3. કોઈપણ બે પુન:પ્રાપ્ય કુદરતી સંશાધનોના ઉપયોગ રજૂ કરો.
4. વન્યજીવ અભ્યારણ એટલે શું? ઉદાહરણ આપો.
5. મનુષ્યમાં લિંગ નિશ્ચયન નો અર્થ આપો.

***પ્રશ્ન:2 નીચેના બે પ્રશ્નોમાંથી કોઈપણ એક પ્રશ્નનો સવિસ્તર ઉત્તર આપો.　　10***

1. ધોરણ 8 નો વિજ્ઞાનનો કોઈ એક એકમ પસંદ કરી નીચેના મુદ્દાઓના સંદર્ભમાં પાઠ આયોજન નોંધ તૈયાર કરો. (હેતુઓ, શિક્ષકની પ્રવૃત્તિ, મૂલ્યાંકન)
2. બ્લૂમ ટેક્ષોનોમીનાસંદર્ભમાંઅધ્યયનનીનિષ્પતિનીરચનાવિષયવસ્તુનાઆધારલઈરજૂકરો.

***પ્રશ્ન:3 નીચેના પ્રશ્નોમાંથી કોઈપણ ત્રણ પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો.　　09***

1. પર્યાવરણ સંવર્ધન અને આરોગ્યની જાળવણીમાં વિજ્ઞાનની ઉપયોગિતા સ્પષ્ટ કરો.
2. વિજ્ઞાન પ્રક્રીયા તરીકે નિરીક્ષણ અને વર્ગીકરણ ઉદાહરણ સહ સમજાવો.
3. વિજ્ઞાનનીસમાજપરઅસરવર્ણવો.
4. વિજ્ઞાન શિક્ષણમાં સમગ્રથી અંશ તરફ શિક્ષણ સૂત્ર ઉદાહરણ સહ સ્પષ્ટ કરો.

***પ્રશ્ન:4 (અ) કોઈપણ એક ટૂંકનોંધ લખો.　　04***

1. વિજ્ઞાનની સંકલ્પના અને સ્વરૂપ
2. કોઈ પણ બે ભારતીય વૈજ્ઞાનિકોનું પ્રદાન

***પ્રશ્ન:4 (બ) કોઈપણ એક ટૂંકનોંધ લખો.　　04***

1. માનવ આંખની રચના
2. કુદરતી ઘટનાઓ

***SCIENCE IS ORGANISED KNOWLEDGE; WISDOM IS ORGANISED LIFE… Emanuel Kant***

# SARDAR PATEL UNIVERSITY AFFILIATED B.ED COLLEGES

## Bachelor of Education (Semester-1) Examination-2023

## UE01GBED58: Pedagogy of Social science

**Date: 19/10/2023** **Time: 12.00 am. To 1.30 pm.** **Total: 35 Marks**

**સુચના :** 1. પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ અંક ગુણ સૂચવે છે.

**પ્રશ્ન 1 નીચેનામાંથી કોઇપણ ચાર પ્રશ્નોના જવાબ આપો.** **08**

1. બંગભંગ આંદોલનના મહત્ત્વના લક્ષણો કેટલા છે? કયા કયા?
2. "સ્વરાજ્ય મારો જન્મ સિદ્ધ હક છે. એ મેળવીને જ હું જંપીશ." આ સૂત્ર કયા ક્રાંતિકારી નેતાએ આપ્યો? અને શા માટે?
3. અંગ્રેજોએ કેવી ફૂટનીતિ અપનાવેલી?
4. ગાંધીજીએ ભાટ મુકામે કઈ પ્રતિજ્ઞા લીધી? શા માટે
5. નદીઓને બચાવવા માટે સરકારશ્રીએ કયા કયા પગલાં લેવા જોઈએ?

**પ્રશ્ન 2 નીચેના બેમાંથી કોઇપણ એક પ્રશ્નનો જવાબ આપો .** **10**

1. 'ભારતની રાષ્ટ્રીય ચળવળો' એકમમાંથી પાઠ આયોજન નોંધ તૈયાર કરો. 1. વિષયવસ્તુના મુદ્દા 2. શિક્ષક વિદ્યાર્થીની પ્રવૃત્તિ
2. પાઠ આયોજનનો અર્થ આપી પાઠ આયોજનનું મહત્ત્વ સ્પષ્ટ કરો.

**પ્રશ્ન 3 નીચેનામાંથી કોઈ પણ ત્રણ પ્રશ્નોના જવાબ લખો.** **09**

1. સમયરેખાનો અર્થ આપી સમયરેખાનું મહત્ત્વ સમજાવો.
2. નકશાની સંકલ્પના સ્પષ્ટ કરી શિક્ષણ કાર્યમાં નકશાનો ઉપયોગ કેવી રીતે કરશો? તે જણાવો.
3. સામાજિક વિજ્ઞાનની સંકલ્પના સ્પષ્ટ કરી સામાજિક વિજ્ઞાનના સ્વરૂપ વિશે સમજાવો.
4. પૃથ્વીના ગોળાનું મહત્ત્વ સમજાવો.

**પ્રશ્ન 4 (અ) નીચેનામાંથી કોઈ પણ એક ટૂંકનોધ લખો.** **04**

1. સરોવરની ઉપયોગિતા
2. જલિયાવાલા બાગના હત્યાકાંડથી સમાજ પર થતી અસર

**(બ) નીચેનામાંથી કોઈ પણ એક વિશે ટૂંકનોંધ લખો.** **04**

1. સમાનતાનો હક
2. હિંદ છોડો ચળવળ 1942

# SARDAR PATEL UNIVERSITY AFFILIATED B.ED COLLEGES
## Bachelor of Education (Semester-1) Examination-2023
## UE01GBED55: Pedagogy of Commerce

**Date: 18/10/23 (Wednesday)** **Time: 12.00 am. To 1.30 pm.** **Total Marks: 35**

**સૂચના:** *પ્રશ્નપત્રમાં કુલ ચાર પ્રશ્નો છે. બધા પ્રશ્નો ફરજીયાત છે.*
*જમણી બાજુના અંક પ્રશ્નના ગુણ દર્શાવે છે.*

પ્રશ્ન-1 નીચેના પ્રશ્નોમાંથી કોઈ પણ **ચાર** પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો. (08)

(1) વાણિજ્યની સંકલ્પના સ્પષ્ટ કરો?
(2) બેંકઓવરડ્રાફ્ટઅને કેશ-ક્રેડિટનો અર્થ આપો.
(3) "ભાગીદારી પેઢીનું લેખિત કરારનામું ફરજીયાત નહિ પણ હિતાવહ છે." -શા માટે?
(4) આંતરિક વેપાર અને આંતરરાષ્ટ્રીય વેપાર વચ્ચે મુખ્ય તફાવત કયો છે?.
(5) વીમા પ્રિમિયમનો અર્થ આપો.

પ્રશ્ન-2 નીચેના પ્રશ્નોમાંથી કોઈ પણ **એક પ્રશ્નનો** સવિસ્તર ઉત્તર આપો. (10)

(1) નીચેના મુદ્દા ધ્યાનમાં રાખીવાણિજ્યના કોઈ એક વિષયાંગમાટે પાઠઆયોજન નોંધ તૈયાર કરો.
   * વિશિષ્ટ હેતુઓ * શૈક્ષણિક મુદ્દા * શિક્ષકની પ્રવૃત્તિ
(2) નીચેના મુદ્દા ધ્યાનમાં રાખીને નિદાન અને ઉપચાર કાર્ય વિશે વ્યાખ્યાનનોંધ તૈયાર કરો.
   * અર્થ * પરસ્પર સબંધ *સોપાનો

પ્રશ્ન-3 નીચેના પ્રશ્નોમાંથી કોઈ પણ **ત્રણ પ્રશ્નોના** ટૂંકમાં ઉત્તર આપો. (09)

(1) આગમન પદ્ધતિની ચાર મર્યાદા નોંધો.
(2) વાણિજ્યનું કાર્યક્ષેત્ર સ્પષ્ટ કરો.
(3) સારા અભ્યાસક્રમનાં આવશ્યક લક્ષણોનોંધો.
(4) વાણિજ્યશિક્ષણનું માનસઘડતરનું ધ્યેયએટલે શું?

પ્રશ્ન-4(અ) નીચેના પૈકી કોઈપણ **એક** વિશે ટૂંકી નોંધ તૈયાર કરો. (04)

(1) વાણિજ્યનો સામાજિક વિજ્ઞાન સાથેનો અનુબંધ.
(2) ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ વાણિજ્ય વિષય શિક્ષણની જરૂરીયાત.

(બ) નીચેના પૈકી કોઈ પણ **એક** વિશે ટૂંકી નોંધ તૈયાર કરો. (04)

(1) ઇ-કોમર્સ
(2) વીમાના સિદ્ધાંતો

# SARDAR PATEL UNIVERSITY AFFILIATED B.ED COLLEGES
## Bachelor of Education (Semester-1) Examination-2023
## PE01 UE01CBED52 Psychology of Childhood and Growing up

**Date: 14/10/2023** **Time: 12.00 am. To 3.00 pm.** **Total: 70 Marks**

**સુચના :** 1. પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ અંક ગુણ સૂચવે છે.

2. બધા પ્રશ્નો ફરજિયાત છે.

**પ્રશ્ન:1 નીચેના પૈકી કોઈ પણ ચાર પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો.** **(08)**

1. બાળમનોવિજ્ઞાનનો અર્થ આપો.
2. માનસિક વિકાસની સંકલ્પના સ્પષ્ટ કરો.
3. તરુણાવસ્થાના ચાર શૈક્ષણિક ફલિતાર્થો રજૂ કરો.
4. જાતિય શિક્ષણના હેતુઓ જણાવો.
5. પ્રેરણાનું સ્વરૂપ સમજાવો.

**પ્રશ્ન:2 નીચેના પૈકી કોઈ પણ એકનો સવિસ્તર ઉત્તર લખો.** **(10)**

1. સાંવેગિક વિકાસને અસર કરતા પરિબળો જણાવી, સાંવેગિક વિકાસના શૈક્ષણિક ફલિતાર્થોની વિગતે ચર્ચા કરો.
2. સમાયોજન એટલે શું? બાળકના સમાયોજન પર અસર કરતા કોઈ પણ બે પરિબળોની વિસ્તૃત સમજ આપો.

**પ્રશ્ન:3 નીચેના પૈકી કોઈ પણ ત્રણ પ્રશ્નોના ઉત્તર લખો.** **(09)**

1. વ્યક્તિત્વના પ્રકાર સમજાવો.
2. તરુણાવસ્થાના લક્ષણો જણાવો.
3. અબ્રાહમ મેસ્લોનો સ્વવાસ્તવિકીકરણનો સિધ્ધાંત સમજાવો.
4. જાતીય શિક્ષણમાં શાળાની ભૂમિકા સ્પષ્ટ કરો.

**પ્રશ્ન:4 નીચેની પૈકી કોઈ પણ બે ટૂંકનોંધ લખો.** **(08)**

1. તફાવત આપો: વૃદ્ધિ અને વિકાસ.
2. માનવવિકાસના તબક્કાઓ સમજાવો.
3. પ્રેરણાના પ્રકારો ઉદા. સહ રજૂ કરો.

**પ્રશ્ન:5 નીચેના પૈકી કોઈ પણ ચાર પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો.** **(08)**

1. નૈતિક વિકાસ એટલે શું?
2. મેધાવી બાળકની સમસ્યાઓ જણાવો.
3. શૈક્ષણિક રીતે પછાત બાળકોના લક્ષણો જણાવો.
4. મંદ અધ્યયન કરતા બાળકોની શિક્ષણ વ્યવસ્થા સ્પષ્ટ કરો.
5. સર્જનશીલ બાળકો કોને કહેવાય ? ઉદાહરણ આપો.

**પ્રશ્ન: 6 નીચેના પૈકી કોઈ પણ એકનો સવિસ્તર ઉત્તર લખો.** **(10)**

1. જીન પિયાજેનો બોધાત્મક વિકાસ રજૂ કરી, પિયાજેના બોધાત્મક વિકાસની યોજનાઓ વર્ણવો.
2. અધ્યયન અક્ષમ બાળકોની સંકલ્પના સ્પષ્ટ કરી અધ્યયન અક્ષમતાના પ્રકારો સમજાવો.

**પ્રશ્ન:7 નીચેના પૈકી કોઈ પણ ત્રણ પ્રશ્નોના ઉત્તર લખો.** **(09)**

1. કોહલબર્ગનો નૈતિક વિકાસનો સિધ્ધાંત સમજાવો.
2. સર્જનશીલ બાળકોના લક્ષણો જણાવો.
3. ડિસલેકસિક બાળક સામાન્ય બાળકથી કેવી રીતે અલગ છે? ઉદાહરણ આપો.
4. ધ્યાન મંદતા (ADD) થવાના કારણો સ્પષ્ટ કરો.

**પ્રશ્ન:8 નીચેના પૈકી કોઈ પણ બે ટૂંકનોંધ લખો.** **(08)**

1. ટૂંકનોધ લખો: બાળકનો જ્ઞાનાત્મક વિકાસ.
2. ધ્યાન મંદતા ધરાવતા બાળકોની શિક્ષણની વ્યવસ્થા સ્પષ્ટ કરો.
3. એરિક્સનનો મન:સામાજિક વિકાસનો સિધ્ધાંત સમજાવો.

# SARDAR PATEL UNIVERSITY AFFILIATED B.ED COLLEGES

**Preliminary Examination - 2023 Semester-I**

**Subject: UE01CBED51 EPC-1 Reading and Reflecting On Texts**

**Date: 13/10/2023 Time: 12.00 To 1.30 [Marks: 35]**

---

**પ્રશ્ન-૧ નીચે આપેલા પ્રશ્નો પૈકી કોઇપણ ચાર પ્રશ્નોના ઉત્તર આપો. (૦૮)**

૧. સર્જનાત્મકવાંચન એટલે શું?

૨. "અર્થ ગ્રહણ" શબ્દાર્થ સ્પષ્ટ કરો.

૩. વાંચન પ્રક્રિયામાં દ્રષ્ટિ-ધ્વનિ ફલક શું છે? .

૪. મૂક વાંચન કરતી વખતે ધ્યાનમાં રાખવાની બે બાબતો દર્શાવો.

૫. વાંચનનો અર્થ સ્પષ્ટ કરો.

**પ્રશ્ન-૨નીચે આપેલા પ્રશ્નો પૈકી કોઇપણ બે પ્રશ્નોના ઉત્તર આપો. ( ૧૦)**

**૧. આપેલા ફકરા પરથીમાગ્યા મુજબ ઉત્તર આપો.**

"પરીક્ષા હોશિયાર વિદ્યાર્થીને માપવા માટે નહીં પણ કાચા વિદ્યાર્થીઓને જગાડવા માટે , તેમની કચાશ કેટલી છે તે ખોળી કાઢવા માટે થાય."

દિવાસ્વપ્ન પુસ્તકના ઉપરોક્ત ગદ્યાંશના આધારે ગિજુભાઇ બધેકાનો અધ્યયન અને મૂલ્યાંકન અંગેનો દ્રષ્ટિકોણ સ્પષ્ટ કરો.

**૨. આપેલા ફકરા પરથી માગ્યા મુજબ ઉત્તર આપો.**

"હવે તને મારી જરૂર નથી . તારે જરૂર છે તને પામવાની . રોજ રોજ તું , તારામાં રહેલા અસીમ ફ્લેચરને વધુ ને વધુ ઓળખતો જા, પામતો જા એ જ જરૂરી છે. એ જ તારો ખરો ગુરુ છે. એને ઓળખવાની, અનુસરવાની જરૂર છે"

**ઉપરોકત ફકરા વિશે ચિંતન કરી, જોનાથન સાગર પંખીના ઉપરોકત કથન દ્વારા વ્યક્ત થયેલ જીવન મર્મ રજૂ કરો.**

**૩.આપેલા ફકરા પરથી માગ્યા મુજબ ઉત્તર આપો.**

આજે વર્ગમાં પાટિયા ઉપર હું લાંબા ભાગાકારની પદ્ધતિ શીખવતો હતો , ત્યાં જેન એની જગ્યાએ ઉભી થઈ, થોડા મૂંઝાયેલા સ્વરમાં બોલી ઊઠી, "પણ ફ્લાણા શિક્ષકે તો અમને આવું શીખવ્યું છે ...." મારા મોં પર શંકાના ભાવો તે તરત કળી ગઈ. તેને લાગ્યું કે આ શિક્ષકે શીખવાડેલી વસ્તુ સાથે હું સંમત નથી, એટલે થોડા વિરામ પછી તરત એણે ઉમેર્યું , "કદાચ ફલાણા શિક્ષકે નહીં , પણ બીજા કોઈએ આ શીખવ્યું હશે . ..." અને પછી એ ભાગાકારની વિગતો પર ઉતરી ગઈ.

મને આ સ્પર્શી ગયું . એણે જોયું કે એની રજૂઆતથી "ફલાણા" શિક્ષકનું મારી આગળ ખરાબ દેખાતું હતું , એટલે તરત જ એણે પોતાના આ અન્ય શિક્ષકની છાપ મારી સમક્ષ નીચી ઊતરતી અટકાવવા માટે પોતાની વાતને બદલી કાઢી.

**ઉપરોક્ત ગદ્યાંશના આધારે , જેનના વર્તનનું મૂલ્યાંકન કરી , મોટેરાઓએ શીખવા જેવા ગુણોની યાદીઆપો .**

**પ્રશ્ન-૩ નીચે આપેલા પ્રશ્નો પૈકી કોઇપણ એક પ્રશ્નનોમુદ્દાસર ઉત્તર આપો. (૦૭)**

**૧. વિલિયમ એસ ગ્રેએઆપેલું વાંચન પ્રતિમાન આકૃતિસહ સ્પષ્ટ કરો.**

**૨. ચિંતન પ્રક્રિયાનો અર્થઆપી, તેના વિકાસની પ્રવિધિઓ દર્શાવો.**

**પ્રશ્ન-૪ નીચે આપેલા પ્રશ્નો પૈકી કોઇપણ બે પ્રશ્નોના ઉત્તર આપો. (૧૦)**

**૧. આપેલા ફકરા પરથીમાગ્યા મુજબ ઉત્તર આપો.**

'હોવા' ના વલણમાં ખાનગી સંપત્તિને નજીવું મહત્ત્વ છે કારણ કે કોઇ વસ્તુને માણવા માટે મારે તેના માલિક બનવું 'હોવા'ના અભિગમમાં જરૂરી નથી. અરે કોઇ વસ્તુને વાપરવા માટે પણ મારે તેના માલિક બનવું જરૂરી નથી. 'હોવા'ના અભિગમમાં એક કરતાં વધુ-વાસ્તવમાં લાખો-લોકો એક જ વસ્તુને માણવામાં ભાગ લઇ શકે કારણ કે કોઇને તે વસ્તુને 'પામી' લેવાની ઇચ્છા કે જરૂરિયાત જણાતી નથી . જો આ 'હોવા' નું વલણ જગતમાં વ્યાપ્ત થાય તો પછી માણસ પોતાના વ્યક્તિત્વને દબાવ્યા વગર બીજી વ્યક્તિ પ્રત્યેનો પ્રેમ , વિચાર, સંગીત અને ચિત્રકલા માણશે , વ્યક્તિ-વ્યક્તિ વચ્ચે વિરોધ નહીં હોય , હરીફાઇ નહીં હોય , ભયનું વાતાવરણ નહીં હોય સૌની વચ્ચે હશે સંવાદ પ્રેમ અને આનંદ પછી ત્યાં દેશ દેશ વચ્ચે યુદ્ધ નહીં થાય અને વર્ગો જ નહીં થાય અને વર્ગો જ નહીં હોય એટલે વર્ગવિગ્રહનો સવાલ જ નહીં હોય.

**'પામવા' કરતાં 'હોવાનો' અભિગમ જીવનને વધુ સ્વસ્થ અને નૂતન બનાવે છે . -આપના વિચારો રજૂ કરો.**

**૨. આપેલા ફકરા પરથીમાગ્યા મુજબ ઉત્તર આપો.**

ચારિત્ર્યનિર્માણના શિક્ષણને કોઈ નિશ્ચિત સમયપત્રકમાં અને નિશ્ચિત વર્ગમાં મૂકી શકાય નહીં . વિદ્યાર્થીના ચારિત્ર્યનિર્માણના ઉદ્દેશને ચરિતાર્થ કરવા માટે દૈનિક જીવનમાં ઊભા થતા દરેક પ્રસંગોનો ઉપયોગ થવો જોઈએ . એવા પ્રસંગો પણ ઊભા થાય જેમાં બાળકો ઉદ્દંડ આવેગો અને તીવ્ર મનોવિકાર અભિવ્યક્ત કરે. ઘણી વાર બળવો પણ કરે . બાળકોને પણ પોતાની અમુક વફાદારી અને મિત્રતામાં ઊભી થતી પોતાની રોજીંદી લડાઈઓ લડવાની હોય છે. તેથી તેનામાં ઘણીવાર આઘાતજનક નિરાશા અથવા હિંસક ઉન્માદની ક્ષણો પેદા થાય છે . ઘણીવાર બાળકો ત્રાસેલા , ચીડાયેલા હોય છે , કંઈ પણ કરવા તૈયાર નથી હોતા. આ બધા પ્રસંગો ચારિત્ર નિર્માણના શિક્ષણના પ્રસંગો બનવા જોઈએ.

**ઉપરોક્ત ગદ્યાંશના આધારે ચારિત્ર્યનિર્માણના શિક્ષણમાં શિક્ષકની ભૂમિકા વિશે તમારો અભિપ્રાય સ્પષ્ટ કરો.**

**૩. આપેલા ફકરા પરથીમાગ્યા મુજબ ઉત્તર આપો.**

શીખવું એટલે સમજણ મેળવવા કાજે પ્રેમ હોય, લગાવ હોય, એટલે કે કોઇપણ વસ્તુને સમજવા, જાતે કરવા પ્રતિ પ્રેમ હોય . શીખવાનું તો કેવળ ત્યારે જ શક્ય બને છે , જ્યારે કોઇપણ પ્રકારનું દબાણ ન હોય , જબરદસ્તી ન હોય બલ્કે સહજ હોય. ઘણા લોકો એમ વિચારતા હોય છે કે તુલનાત્મક પદ્ધતિ દ્વારા શીખવામાં પ્રેરણા મળે છે પરંતુ તથ્ય એનાથી બિલકુલ વિપરિત છે. તુલનાથી કેવળ નિરાશા અને માત્ર ઇર્ષ્યા પેદા થાય છે. જેને આપણે પ્રતિસ્પર્ધા કહીએ છીએ . તુલના પણ શીખવાની પ્રક્રિયામાં બાધક બને છે , ને અંતે ભયને જન્મ આપે છે.

**ઉપરોક્ત ગદ્યાંશના આધારે શીખવાની ક્રિયા અંગે આપના અભિપ્રાય વ્યક્ત કરો.**